### રવિ વાવેતરમાં ૩૬ ટકાનો વધારો

# ગુજરાતનું કૃષિ ઉત્પાદન ૧.૭૨ લાખ કરોડ

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં કૃષિ ઉત્પાદનમાં સતત વધારો થઈ રહ્યો હોવાનો ઉલ્લેખ કરી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે ૨૦૧૮-૧૯ના વર્ષમાં રાજ્યનું કૃષિ અને સંલગ્ન ક્ષેત્રનું કુલ ઉત્પાદન વધીને ૧.૭૨ લાખ કરોડ રૂપિયા થયું છે. આ વર્ષે ખરીફ અને રવિ સિઝનના કારણે તેમાં વધારો થવાની પણ શક્યતા છે.

રાજ્યપાલ ગુજરાત વિધાનસભાના એક દિવસિય ખાસ સત્રમાં સંબોધન કરી રહ્યાં હતા. તેમણે કહ્યું કે ગુજરાતમાં લાખો ખેડૂતો દર વર્ષે અંદાજે ૮૫ લાખ હેક્ટર જમીનમાં ખરીફ અને ૩૧ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકો લઈ રહ્યાં છે. ગુજરાતના ખેડૂતોની મહેનત, સરકાર દ્વારા સિંચાઈના પાણીની વ્યવસ્થા, સમયસર વીજળી અને ખાતર-બિયારણના કારણે કૃષિ ક્ષેત્રનો વિકાસ થયો છે. ૨૦૧૭-૧૮ના વર્ષમાં કઠોળ પાકના ઉત્પાદન માટે ભારત સરકાર દ્વારા ગુજરાત ને એક કરોડ રૂપિયાનું ઈનામ અને કૃષિ કર્મણ પ્રસંશા પુરસ્કાર મળ્યો છે.

આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે ગુજરાતના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે કેન્દ્ર સરકારના સહયોગથી વિવિધ પાકોની મોટા જથ્થામાં ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. આ વર્ષે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલા ખેડૂતો પૈકી બે લાખ ખેડૂતો પાસેથી ૧૩૯૭ કરોડ રૂપિયાના મૂલ્યની ૨.૭૪ લાખ મેટ્રીકટન મગફળી ખરીદ કરવામાં આવી છે. આ ઉપરાંત કઠોળ પાકોની પણ ખરીદી કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરેલી પ્રધાનમંત્રી કિસાન નિધિ યોજનામાં ગુજરાતના ખેડૂતોને ચાર હપ્તામાં કુલ ૨૮૩૯.૩૪ કરોડ રૂપિયાનું ચૂકવણું સીધું બેન્ક એકાઉન્ટમાં કરવામાં આવ્યું છે. ગયા વર્ષે સારો વરસાદ થતાં રાજ્યમાં ૮૬.૭૮ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું હતું પરંતુ માવઠા અને કમોસમી વરસાદના કારણે રાજ્યમાં ખેડૂતોને પાકમાં મોટું નુકશાન હોવાથી ખેડૂતોને ૩૭૯૫ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી છે. એવી જ રીતે રવિ સિઝન દરમ્યાન ઉત્તર ગુજરાતના ખેડૂતોને તીડના આક્રમણથી થયેલા નુકશાન વળતર પેટે સરકારે ૩૫ કરોડનું પેકેજ આપ્યું છે.

રાજ્યપાલના પ્રવચનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ચાલુ વર્ષે રવિ સિઝનમાં મોટાપ્રમાણમાં વાવણી થઈ છે. ઘઉં, રાયડો, ચણા, જીરૂં સહિતના પાકોમાં ૩૮ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે જે અગાઉના વર્ષ કરતાં ૩૬ ટકા વધારે છે. રાજ્યમાં ૯૨.૨૬ લાખ મેટ્રીકટન ફળો, ૧૨૫.૪૦ લાખ મેટ્રીકટન શાકભાજી અને ૮.૨૩ લાખ મેટ્રીકટન મસાલા પાકોનું ઉત્પાદન થયું છે.

# ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યામાં ઉછાળો : સંખ્યા ૫.૭૫ કરોડે પહોંચી

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યામાં મોટો ઉછાળો આવ્યો છે. પ્રવાસીઓની સંખ્યા વધીને ૫.૭૫ કરોડ સુધી પહોંચી ચૂકી છે. રાજ્યમાં નવું પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટી છે જેમાં પ્રવાસીઓની સંખ્યા ૩૬ લાખ થવા જાય છે. પ્રતિદિન આ સ્થળે ૨૦ હજાર કરતાં વધુ પ્રવાસીઓ આવે છે.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આ આંકડા આપ્યા છે. તેમણે વિધાનસભામાં કરેલા પ્રવચનમાં જણાવ્યા પ્રમાણે અગાઉના વર્ષ કરતાં પ્રવાસીઓની સંખ્યામાં ૧૪ ટકાનો સીધો વધારો થયો છે. રાજ્ય સરકાર આ વર્ષે તેના મહત્વના આકર્ષણમાં ગીરનારનો રોપ-વે પ્રોજેક્ટ શરૂ કરવા જઈ રહી છે. આ રોપ-વે ની કામગીરી દિલ્હી સ્થિત ઉષા બ્રેકો સર્વિસને આપવામાં આવી છે. રોપ-વે પાછળ ૧૧૦ કરોડનો ખર્ચ થશે અને માર્ચ ૨૦૨૦ સુધીમાં તે પૂર્ણ કરાશે. આ પ્રોજેક્ટમાં પ્રવાસીઓ ૧લી મે ૨૦૨૦થી રોપ-વે મારફતે ગીરનારમાં જઈ શકશે.

રાજ્ય સરકારે તળેટીથી અંબાજી ટુક સુધી પાણી પુરવઠાની વ્યવસ્થા, કાયમી વીજજોડાણ માટે નવી ઈલેક્ટ્રીક લાઈન, ટોયલેટ બ્લોક્સ, રોપ-વે સ્ટેશનથી અંબાજી મંદિરના પ્રવેશ સુધી પાથ-વે અને પ્રવાસીઓની સલામતી માટે રેલીંગની વ્યવસ્થા કરી છે.

રાજ્ય સરકારે ગયા વર્ષે પહેલીવાર ભવનાથ મહાશિવરાત્રી મેળાને ગિરનાર શિવરાત્રી કુંભમેળા તરીકે જાહેર કરીને ૧૫ કરોડના ખર્ચે ઉજવણી કરી હતી. રાજ્ય સરકારના પ્રવાસન વિભાગે શ્રવણ તીર્થ યોજના અન્વયે ૧૬૮૨ બસો મારફતે ૮૪૦૦ વરિષ્ઠ નાગરિકોને રાજ્યના વિવિધ યાત્રાધામોના દર્શન કરાવ્યા છે.

રાજ્યપાલે તેમના પ્રવચનમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીનો પણ ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે વિશ્વના ખ્યાતનામ ટાઈમ મેગેઝિને સ્ટેચ્યુ ઓફ યુનિટીનો વિશ્વના ૧૦૦ પ્રવાસન સ્થળોમાં સમાવેશ કર્યો છે. આ પ્રવાસન સ્થળે સરકારે ૩૦થી વધુ પ્રોજેક્ટ્સ માત્ર છ મહિનાના સમયમાં પૂર્ણ કર્યા છે. આ સ્થળને જોવા માટે સોમવારથી શુક્રવાર સુધી પ્રત્યેક દિવસે ૧૭૦૦૦થી વધુ અને શનિ-રવિની રજાઓમાં રોજના ૨૦૦૦૦ પ્રવાસીઓ આવે છે.

ડિસેમ્બર-૨૦૧૯ સુધીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે ૩૫૩૯૪૩૦ પ્રવાસીઓ આવી ચૂક્યાં છે. કેવડીયાના આ સ્થળે વિવિધ પ્રોજેક્ટોમાં ૩૦૦૦ લોકોને રોજગારી આપવામાં આવે છે. રાજ્ય સરકારે બાલાસિનોરનો ડાયનાસોર પાર્ક પણ શરૂ કર્યો છે. મહીસાગર જિલ્લાના બાલાસિનોરમાં ડાયનાસોરનું મ્યુઝીયમ શરૂ કરવામાં આવ્યું છે જે ડાયનાસોરમાં વિશ્વમાં ત્રીજાક્રમનું સ્થાન ધરાવે છે. દેશનો પ્રથમ ફોસિલ પાર્ક પણ આ સ્થળે બનાવવામાં આવ્યો છે.

# રાજલબ્ધી હેરીટેજ હાઉસ ખાતે તસ્કરોનો તરખાટ : ૮૦ હજારની ચોરી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર અમદાવાદ માર્ગ પર કોબા પાસે આવેલા અતિવૈભવી રાજલબ્ધી હેરીટેજ હાઉસ ખાતે ઘરફોડ ચોરીની ઘટના પ્રકાશમાં આવી છે. હેરીટેજ હાઉસ નં.૫૦૨ ખાતે રહેતા યુવક સિધ્ધાર્થ રાજેન્દ્રભાઈ રાડીયાના જણાવ્યા મુજબ ગત તા. ૪ જાન્યુઆરીના રોજ તેઓ માતા-પિતા અને પત્ની સાથે રાજકોટ ગયા હતા. ત્યારબાદ ફરીયાદી પત્ની સાથે ગાંધીનગર પરત ફર્યા હતા, તે સમયે મેઈન દરવાજાને મારેલુ તાળુ તુટેલુ હતું. જેથી યુવકે પોતાના પિતાને જાણ કરતા તેઓએ આ અંગે ગાંધીનગર આવ્યા બાદ આગળની કાર્યવાહી કરશે. ત્યારબાદ ફરીયાદીએ ઘરમાં તપાસ કરતા સોનાની ચેઈન, વીંટી, કડુ, વગેરે મળી કુલ રૂ.૮૦ હજારની કિંમતના દાગીના ગુમ હતા. જેથી આ અંગે તેઓની ફરીયાદના આધારે ઈન્ફોસીટી પોલીસે ચોરીનો ગુનો નોંધી તસ્કરોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગ્રામભારતી પાસેથી દારૂ બિયરનો જથ્થો પકડાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર-વિજાપુર માર્ગ પર ગ્રામભારતી ચોકડી પાસેથી એલસીબી-૨ પોલીસે એકસયુવી કારમાંથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો પકડી પાડ્યો હતો. એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમ સક્રિય હતી તે સમય દરમિયાન હે.કો.કેવલસિંહને રાજસ્થાન થી અમદાવાદ દારુની ફેરાફેરી થઈ રહી છે તેવી બાતમી મળી હતી.જેને પગલે પોલીસ વોચ ગોઠવી ઉભી હતી. પોલીસે શંકાસ્પદ એકસયુવી કાર નં.જી.જે.૧૮.બી.એલ.-૨૪૫૫ ઉભી રખાવી હતી અને ગાડીમાં ચેક કરતા વિદેશી દારુનો ૧૮૦ બોટલ અને૪૮૦ બિયરના ટીન મળી કુલ રૂ.૧.૩૮ લાખનો દારુ મળી આવ્યો હતો. જયારે પોલીસે ગાડીમાં સવાર કમલેશ શંકરલાલ રોત (૨૫) તેમજ ગોવિંદ લાલુરામ કટારા (૨૫) (બંન્ને રહે.માંડવા ડુંગરપુર રાજસ્થાન)ની ધરપકડ કરીને કુલ રૂ. ૭.૪૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ બંન્નેની પોલીસે પુછતાછ કરતા વિદેશી દારુનો જથ્થો તેઓ રાજસ્થાનના ખેરવાડાથી ભરત ડાંગી, ચિરાગ પંચોલી અને શકરાજીએ દારુ ભરી આપ્યો હતો અને અમદાવાદ ખાતે નિલેશ નામના વ્યકિતને પહોંચાડવાનો હતો. એલસીબી એ પકડી પાડેલા બંન્ને શખ્સોને સામે માણસા પોલીસ મથકમાં પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી પોલીસો કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શાલીગ્રામ લેકવ્યૂથી કારની ચોરી

ગાંધીનગર, તા.૧૦

વાહનચોર ટોળકીએ તરખાટ મચાવ્યો છે, શહેરની આસપાસના વિસ્તારમાંથી પણ ચોર ઈસમો સરળતાથી વાહનચોરીને અંજામ આપી જતા રહે છે. ચોર ઈસમો સામાન્ય વાહનો તો હાથની કરામત અને પોતાની કળાથી ખોલી દેતા હોય છે પરંતુ મોંઘીદાટ અને અતિઆધુનિક ફિચર્સ ધરાવતી કારની ઉઠાંતરી થવા પામી છે. ચોર ઈસમો પણ બજારમાં આવી રહેલી નવી ગાડીઓના ફિચર્સથી અપગ્રેડ હોય તેમ ફોર્ચ્યુનરની ચોરી પરથી જણાઈ રહ્યું છે. ત્યારે ગાંધીનગર-સરખેજ માર્ગ પર શાલીગ્રામ લેકવ્યુ ખાતે રહેતા ઈન્દ્રવદન જગદીશ પટેલ બિલ્ડીંગ ક્ષેત્રે સંકળાયેલા છે. તેઓએ વર્ષ ૨૦૧૮માં લોન પર ફોર્ચ્યુનર કારની ખરીદી કરી હતી અને કારના હપ્તા પણ પુરા થયા નથી. ત્યાં કોઈ તેમની કારની ઉઠાંતરી કરી ગયું છે. ગાડી નં. જી.જે.૧૮.બી.જે.-૮૬૦૩ કાર તેમણે ગત તા.૪ જાન્યુઆરીના રોજ બપોરના ચારના અસામાં ફલેટના બેઝમેન્ટમાં પાર્ક કરેલી જોઈ હતી. જયારે તા.૬ ના રોજ સવારે તેઓ ઘરે હતાત્યારે પાડોશીનો ફોન આવ્યો હતો અને બેઝમેન્ટમાં તેમની ફોર્ચ્યુનર કાર નથી તેનું માત્ર કવર પડયું છે. કાર માલિકે રૂબરૂ જઈને તપાસ કરી તો ખરેખર કાર ન હતી.જેથી તાત્કાલીક સીસીટીવી ફુટેજ ચેક કરતા રાત્રીના સમયે કોઈ કારને બહાર લઈ જતા દેખાય છે. કાર માલિકે ફરીયાદ નોંધાવતા પોલીસે રૂ.૨૦ લાખની કારની ચોરી અંગે સીસીટીવી ફુટેજ ચેક કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


સુરક્ષા સંકલ્પ કાર્યક્રમ

સેવા, સુરક્ષા અને શાંતિ માટે કટીબદ્ધ

જનજનની સલામતી અને સુરક્ષા માટેના ગુજરાત પોલીસના વિવિધ પ્રકલ્પોનો શુભારંભ





માનનીય કેન્દ્રીય ગૃહમંત્રી

શ્રી અમિતભાઈ શાહના

વરદ્ હસ્તે

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

શ્રી પ્રદીપસિંહ જાડેજા
ગૃહમંત્રી (રા.ક.), ગુજરાત

ની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

**તારીખ:** ૧૧ જાન્યુઆરી, ૨૦૨૦ • **સમય:** સવારે ૯:૩૦ વાગે

**સ્થળ:** મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, ગાંધીનગર

**વિશ્વાસ પ્રોજેક્ટ**

VISWAS

- VISWAS - Video Integration and State Wide Advance Security
- 1256 જંકશન પર લાગશે 7000થી વધુ સીસીટીવી કેમેરા
- દરેક જિલ્લા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર "નેત્રમ" જોડાશે સ્ટેટ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર "ત્રિનેત્ર" સાથે
- સક્રિય ટ્રાફિક મેનેજમેન્ટ અને એન્ફોર્સમેન્ટ
- અપરાધિક બનાવોની તપાસ અને વિડિઓ ફોરેન્સિક્સ
- ફોર્સ મલ્ટીપ્લાયર ઇફેક્ટથી થશે પોલીસની કાર્યક્ષમતામાં વધારો
- માર્ગ સલામતી અને અર્બન મોબિલિટી
- મહિલાઓ, બાળકો અને વરિષ્ઠ નાગરિકો માટે શેરીઓ સુધી સુરક્ષા
- ગુજરાતના બધા શહેરો, જિલ્લા મુખ્યાલયો અને પર્યટન સ્થળોને મળશે ચુસ્ત સુરક્ષા

CYBER AASHVAST

શાંતિ અને સલામતીને અવિરત રાખવા...
તૈયાર છે ગુજરાત પોલીસ...
નાગરિકો બનશે સાયબર આશ્વસ્ત...

**સાયબર ક્રાઇમ પ્રિવેન્શન યુનિટ**

- દેશનું પહેલું સાયબર ક્રાઇમ પ્રિવેન્શન યુનિટ જે નાગરિકોને SMS દ્વારા સાયબર ક્રાઈમ માટે વપરાયેલા ફોન નંબરો અંગે સાવચેત કરશે
- www.gujaratcybercrime.org પોર્ટલ પર તૈયાર હશે સાયબર ફ્રોડ માટે વપરાતા ફોન નંબરો તથા બેંક એકાઉન્ટ નંબરોનો સૌથી મોટો ડેટાબેઝ

**સાયબર ક્રાઈમ ઇન્સીડેન્ટ રિસ્પોન્સ યુનિટ**

- સાયબર ક્રાઇમ પર કરશે ત્વરિત કાર્યવાહી
- 100 અને 112 નંબર ડાયલ કરતા સાયબર આશ્વસ્ત હેલ્પલાઇન યુનિટ માહિતીના આધારે લેશે જરૂરી પગલા
- પોલીસ સામેથી સંપર્ક કરીને તમારું આર્થિક નુકસાન અટકાવશે અને મદદ માટે કરેલ કાર્યવાહીની જાણ કરશે.

**સાયબર સુરક્ષા લેબ**

- પોલીસ રાખશે લોકોના મોબાઈલ ફોન અને Digital Deviceના આરોગ્યનું ધ્યાન
- મોબાઈલમાં આવતા માલવેર, વાયરસ અને અન્ય ખતરાઓની ચકાસણી કરશે
- રાજ્યના દરેક સાયબર સેલમાં ટચ સ્ક્રીનવાળા કિયોસ્ક મૂકવામાં આવશે
- આ સુવિધાનો લાભ નાગરિકોને નિઃશુલ્ક પ્રાપ્ત થશે

**એન્ટી સાયબર બુલીંગ યુનિટ**

- Online Harassmentથી બચવા માટે મળશે મદદ
- આવા ભોગ બનનારને Social Mediaથી જરૂરી તકેદારીઓ માટે સુસજ્જ કરશે
- ભોગ બનનારની માહિતી ગુપ્ત રાખવામાં આવશે
- 100 અને 112 નંબર ડાયલ કરતા જ આશ્વસ્ત હેલ્પલાઇન યુનિટ સામેથી સંપર્ક કરી આપને ઘર આંગણે જ સાયબર સુરક્ષા પૂરી પાડશે